શ્રી જલારામ ઉચ્ચ કેળવણી મંડળ સંચાલિત માતુશ્રી વીરબાઈમા મહિલા સાયન્સ અને હોમ સાયન્સ કોલેજ સતત વિદ્યાર્થિનીઓને ધ્યાનમાં રાખીને શૈક્ષણિક તથા અન્ય પ્રવૃતિનું આયોજન સમગ્ર શૈક્ષણિક વર્ષ દરમ્યાન કરતી હોય છે અને સમયના પ્રવાહને ધ્યાને લઈ તેમાં ફેરફાર, સુધારા કે નાવિન્ય લાવવાનો પ્રયત્ન સમગ્ર કોલેજ પરિવાર તરફથી કરવામાં આવે છે. જાન્યુઆરી ૨૦૧૦ થી કોલેજનું ઈનહાઉસ મેગેઝીન MVM *Spectrum* પ્રસિધ્ધ થઈ રહયુ છે. સમયની માંગ અને જરૂરિયાતને ધ્યાને લેતા નવા રંગ અને રૂપ સાથે આપની સમક્ષ MVM *Spectrum-2017-18* ને રજુ કરતા અમે હર્ષ અનુભવીએ છીએ.

MVM *Spectrum* વિદ્યાર્થિનીઓને એક એવું પ્લેટફોર્મ આપે છે કે જેમાં તેમણે ભાગ લીધેલ કૃતિમાં તેમણે કરેલ ઉપકૃષ્ટ પ્રદર્શનને અન્ય સમક્ષ રજુ કરવામાં મદદ કરે છે સાથોસાથ અન્ય વિદ્યાર્થિનીઓને પણ પોતાનામાં રહેલી કૌશલ્યને બહાર લાવવામાં કે અન્ય સમક્ષ રજુ કરવા માટે પ્રોત્સાહિત કરે છે.

*EDUCATION IS NOT A NAME OF ANY DEGREE OR CERTIFICATE….*
*EDUCATION IS THE NAME OF OUR ATTITUDE, LANGUAGE, BEHAVIOR WITH OTHERS!!!!!*

**Edited By :-**

**Dr. Bhavna Vaid**
**Ms. Jayshree Ranpara**

MVM SPECTRUM

તા. ૨૬ અને ૨૭ જુલાઈ ૨૦૧૭ ના રોજ કોલેજ લેવલ સપ્તધારા તથા KCG/2017/1964, Dated 11/07/2017 ના અનુસંધાને કોલેજ ખાતે યોજાયેલ વકતૃત્વ સ્પર્ધામાં કુલ ૦૬ વિદ્યાર્થિનીઓ તથા નિબંધ સ્પર્ધામાં કુલ ૧૧ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો. આ સ્પર્ધામાં નીચેની વિદ્યાર્થિનીઓએ ક્રમાંક મેળવ્યો  હતો.



## Elocution Competition

**વૈષ્ણવ જન તો તેને રે કહીએ.......**

**કુ. મિતલ લોઢિયા ☻**
**ટી.વાય. બી.એસસી.(માઈક્રોબાયોલોજી)**
**પ્રથમ ક્રમાંક**

ઘણીવાર આ પ્રાર્થના મેં શાળામાં સમજયા વગર જ પ્રસ્તુત કરી છે.પરંતુ આજે જયારે આ પદ પર મારા મંતવ્યને રજુ કરવાનો મોકો મળ્યો  ત્યારે મને આ પ્રાર્થનાની ખરી ઉંડાઈ ઘરના વડીલો અને અમુક સાહિત્યના પુસ્તકોમાંથી જાણવા મળી. હું મૂળ વિજ્ઞાનની વિદ્યાર્થિની એટલે આ પદમાં રહેલ શબ્દોની માયાજાળ મને હમણાં ખબર પડી કે વૈષ્ણવજન એ શબ્દમાં બે શબ્દો અને બે અર્થ છુપાયેલા છે.
જેમાં બે શબ્દો એટલે વૈષ્ણવ અને જન, તથા બે અર્થ જેમાં એકનો અર્થ થાય છે કે જે લોકો વિષ્ણુ ભગવાનને પૂજતા હોય તેમને વૈષ્ણવ જન કહેવાય અને બીજો અર્થ વિશાળ દષ્ટિ વાળા લોકો.
જયારે આ સ્પર્ધામાં મેં મારૂ નામ નોંધાવ્યુ ત્યારે બે મિનિટ તો મને પણ થયુ કે વૈષ્ણવ જન એટલે કેવા જન ? પછી આ પ્રશ્નનો સીધો અને માર્મિક ઉત્તર આદિ કવિ નરસિંહ મહેતાજીના આ પદને સમજયા પછી મળી જ ગયો.
ખરેખર માનવીની વિશાળ અને શુધ્ધ દષ્ટિથી એમના આંતરિક ગુણો ખીલી ઉઠે છે. પછી કોઈ પણ જાતિ કે જ્ઞાતિ તેને ખરો વૈષ્ણવ બનતા અટકાવી શકતી જ નથી.
મહેતાજીનું પહેલું પદ મનુષ્યને સમજાવે છે કે ખરો વૈષ્ણવ આ દુનિયાના  લોકોના દુઃખને સમજે છે અને તેના પ્રત્યે સંવેદનશીલ હોય છે. સાથે જ મદદ માટેના હાથ તત્પર જ હોય છે અને તેના માટે રતિભર પણ અભિમાન મનમાં રાખતો નથી.
આપણે પંકિતબધ્ધ કરીને કહી શકીએ કે......

**' જે જન "વૈષ્ણવ જન" પદ સાખીયો**
**એ જન પુજનીય પદ પામીઓ'**

સાચા વૈષ્ણવ જન જનમાં ઈશ્વરના દર્શન કરે છે અને દરેક પ્રત્યે આદર સત્કાર  રાખે છે. સજીવ હોય કે નિર્જીવ કોઈની પણ નિંદા નથી કરતો અને સૌમાં સમાનતા જુએ છે.
મહેતાજી એ જનનીને ધન્યવાદ આપે છે કે જે વાણી, વર્તન, કાયા અને મનથી નિર્મળ મનુષ્યનો ઉછેર કરે છે.
જેમની પાસે સમદષ્ટિ છે, દુન્યવી  લાલચોની તૃષ્ણાનો ત્યાગી  છે. જેને મન પર સત્ય  છતાં મીઠી વાણી બિરાજમાન હોય. અરે! હકીકત શું સ્વપ્નમાં પણ અન્યના ધનને પચાવી પાડવા કે નજર સુધ્ધા કરવાનો વિચાર ન આવે એ સાચા વૈષ્ણવ છે.

MVM SPECTRUM

હવે જેમના મનમાં દઢ વૈરાગ્ય હોય પછી એમના મનમાં મોહ માયા શી રીતે વ્યાપી શકે ? જે રામ નામથી તલ્લીન થઇ જતા હોય પછી તો સકળ તીરથ જ એમાં સમાયા ગણાય.
આ પદમાંનું છેલ્લું પદ ભગવદ્ગીતાના સોળમાં અધ્યાયના એકવીસમાં શ્લોક સાથે સરખાવાય એવો છે.

**ત્રિવિધં નરકસ્યેદં દ્વારમ્ નાશનમાત્મનઃ**
**કામઃ ક્રોધસ્થા લોભસ્તસ્માદેતત્ત્રંયં ત્યજેત્**




જેનો સાર કંઇક એવો થાય કે નર્કના મુખ્ય ત્રણ દ્વાર છે કામ, ક્રોધ અને લોભ કે જે આત્માનો નાશ કરે છે અને જેનાથી વૈષ્ણવ જન તો કોષો દુર છે. પછી આવા વૈષ્ણવના દર્શનથી એકોતેર કુળ તરે એમાં કોઇ શંકા ન નીપજે.
આમ તો આપ જાણતા જ હશો કે સત્ય અને અહિંસાના પુજારી એટલે કે આપણા ગાંધી બાપુનું આ પ્રિય ભજન છે. ગાંધીજીએ આ પદનો સાચો મર્મ જાણી જીવનમાં ઉતાર્યો અને કદાચ એટલે જ મહાન પુરૂષ ગણાયા.
૨૦૧૬માં ફેબ્રુઆરીમાં મોદીજીએ કોલકત્તામાં મઠ પર કોઇ એક વકતવ્યમાં આજના યુગ મુજબ સરસ અર્થ આપ્યો કે વૈષ્ણવ જન એટલે 'જનતાના પ્રતિનિધિ' અંગ્રજીમાં Public Representative.
હવે પ્રતિનિધિત્વ કોણ કરી શકે? જે શ્રેષ્ઠ છે તે પ્રતિનિધિત્વને લાયક છે અને વૈષ્ણવ જનમાં એ બધા ગુણોનો સમાવેશ થાય છે. જેથી તે આ વિશાળ માનવ સમુદાયનું પ્રતિનિધિત્વ કરી શકે છે.
હવે આટલા વિશ્લેષણ પછી તો તમે પણ તમારૂ તારણ આંકી શકો છો. તારણ કંઇક એવું નીકળે કે સાચા વૈષ્ણવે પોતાના સર્વે સદ્ગુણોને ઉભરાવતા અને દુરવૃતિઓને દબાવતા પોતાના જીવન રથના સાચા મહારથી બનવું જોઇએ.
અંતમાં બે પંકિતમાં આ પદનો મહિમા કહીશ,

**જેને ગીતાનો સાર કહી શકાય એવું આ પદ**
**જેમાં વિશાળ દષ્ટિ કરી શકાય એવું આ પદ**
**જેમાં સકળ તીરથના દર્શન કરી શકાય એવું આ પદ**
**જો ભજો, સમજો, ઉંડા ઉતરો અને અપનાવો**
**તો જીવનની નૈયા પાર કરી શકાય એવું આ પદ**
**હા એવું આ પદ**

---



## Elocution Competition

**વૈષ્ણવ જન તો તેને રે કહીએ…….**
**કુ. અરવા હીરા ☻**
**ટી.વાય. બી.એસસી.(હોમ સાયન્સ) ફુડ એન્ડ ન્યુટ્રીશન**
**દ્વિતિય ક્રમાંક**

By the place where Mahatma Gandhi studied took me to flashback. Where I have learned about Gandhiji and his religiosity. Though Gandhiji viewed himself as a

Hindu, he also maintained that a person could describe himself as a Hindu & yet not believe in idol worship. He almost never visited temples and everything in his conduct suggest that he remained indifferent to temple going experience, yet no one made as concerted an attempt as he did to open up Hindu temples to Dalits. Indeed, it is Gandhiji's attempt to open up hindu temple to Dalits that earned him the wrath of Ambedkar. But the conundrums do not end here. The routine life of Gandhiji included community singing of bhajans or devotional song at the ashrams set up by him.

From amoung various bhajans, 'Vaishnava Janto tene re kahiye' was one of Mahatma Gandhiji's favourite bhajans. Written by Narsingh Mehta, a saint-poet from 15th century Gujarat, the song that carries a potent message of empathy, humility, truth, equality & spirituality for the followers of Visnu, but which would equally be a message for everyone particularly in these times of intolerance, hatred and self- aggrandisement.

Thus, Gandhiji's unbound affection for this composition is as good a way as any to gauge the Mahatma's religious sensibility.

Vaishnavvism- which takes its name from the god Vishnu which was an important part of religious milieu in which Gandhiji grew into adolescence and in the opening chapter of his autobiography Gandhiji describes his mother as a saintly woman for whom a visit to 'Vaishnava temple' was one of her daily routines. Thus, Narsi's bhajan or devotional song , permitted him to enter into stale of being a true vaishnav.

In this composition, Narsingh Mehta says that one who is a vaishnav knows the pain of others, does good to others without letting pride enter his mind.

A vaishnav, tolerates and praises the entire world, does not speak of others, keeps his promises, actions and thoughts pure.

A vaishnav sees everything equally, rejects greed and avarice, respect women as he respects his own mother. Though his tongue may tire he will utter no untruth, he never touches property of others.

A vaishnav does not succumb to worldly attachments, he has renounced lust of all types and anger. The poet Narsi will like to see such a person by whose virtue, the entire family gets salvation.




Thus, this beautiful heart felt song touches all people regardless of religion. The song defines who is a vaishnav ? It does not mention about religion, caste, creed, food habits, holy clothing, rituals etc. More likely it speaks about humility.

Thus, I would like to say that no one in this world is ideal, but this does not mean we give up. Take challenges & try become a better person, try to be a vaishnav.

What is the better time than the time that we all live in to remember and follow Gandhiji's favourable bhajan, where people fight in the name of religion, what they should eat and what not, and all such petty things.

MVMSPECTRUM

Thus, I would like to end up by wishing and praying that let all people awaken to the spirit and meaning of this bhajan and be sensitive to the pains and sufferings of others. If this happens the entire world will get salvation.



## Elocution Competition

**માનવી તું બડા મહાન**
**કુ. કૃપાલી ગોહેલ ☻**
**એફ.વાય. બી.એસસી.**
**તૃતિય ક્રમાંક**

માનવી એટલે મનુષ્ય એ ખરેખર સૃષ્ટી પરનું સૌથી મહાન તથા બુધ્ધિશાળી પ્રાણી છે. તેને પોતાના આત્મબળ વડે કેટલીય મુસીબતો સામે ઝઝુમીને ઘણાં પ્રયત્નો દ્વારા પોતાની બુધ્ધિક્ષમતાને વિકસીત કરીને તે આજે પથ્થરયુગથી આજના આ ટેકનોલોજી યુગ સુધી પહોંચ્યો છે.

ઈશ્વરે આ સૃષ્ટી પર વિવિધ પ્રાણીઓની રચના કરી છે. તેમજ તેને માનવીની રચના પણ કરી છે. માનવ આજે સૃષ્ટી પરના બધા પ્રાણીઓમાં સૌથી વિકસીત છે. માટે ઈશ્વરે પણ માનવીની આ મહાનતાને ધ્યાનમાં રાખીને તથા માનવીના આ પ્રયત્નોને ધ્યાનમાં રાખીને તેમણે પણ મનુષ્ય અવતાર લેવો પડયો છે. આ ઈશ્વરે મનુષ્યરૂપે તેમનું આદર્શ જીવન પૃથ્વી પર સાર્થક કર્યુ. જે આજે રામ અને કૃષ્ણ રૂપે સૌના દિલમાં જીવિત છે.

માનવી પોતાની બુધ્ધિ ક્ષમતાના વિકાસ દ્વારા વિવિધ પ્રયત્નો દ્વારા આજે ટેકનોલોજીની ચરમસીમાએ પહોંચ્યો છે, તે ચંદ્ર સુધી પહોંચી ગયો છે, મંગળ પર પહોંચવાના પ્રયત્નો ચાલુ છે એટલે કે મનુષ્ય આજે આકાશને આંબી ગયો છે. બીજા કોઈપણ પ્રાણી આ કરી શકતા નથી. કેમકે માછલી પાણી વગર જીવી શકતી નથી, જયારે મુકત જીવન જીવનાર પક્ષીઓ બખોલ વગર રહી શકતા નથી. તો પછી મનુષ્ય જ કેમ મહાન એ વાત કહેતા આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડો. એ.પી.જે. અબ્દુલ કલામે કહયુ છે કે,

**If you shine like a sun,**
**First you burn like a sun.**
**(જો તમારે સૂર્યની જેમ ચમકવુ હોય તો પહેલા સૂર્યની જેમ બળવુ(તપવું) પડે.)**




આ પંકિતને સાર્થક કરતા કેટલાય મહાનુભાવોએ પોતાની આખી જીંદગી માનવ જાતિને સમૃધ્ધ અને સરળ બનાવવામાં ખર્ચી નાખી છે. જેમકે, ચરક, સુશ્રુત, આર્યભટ્ટ, થોમસ આલ્વા એડિસન, આઈન્સ્ટાઈન વગેરે. આમ આ રીતે ઘણાં લોકોના અથાગ પ્રયત્ન તથા મહેનત દ્વારા માનવ મહાન બન્યો છે.

આજના યુગમાં માનવ ભલે મહાન ગણાય પરંતુ તેની જીંદગી તથા જનની એવી પ્રકૃતિને તે દિવસે–દિવસે ઉપેક્ષા કરતો જાય છે. માનવ પોતે મહાન બનવાની હોડમાંને હોડમાં અણુ બોમ્બ, પરમાણુ બોમ્બ તથા ઘાતક વાઈરસ જે દરેક જીવ તથા પ્રકૃતિ માટે નુકસાનકારક છે તેનું નિર્માણ કર્યુ છે. જેનાથી સમગ્ર પૃથ્વીનું ઘણી વખત નિકંદન થઈ જાય છે. એટલે જ કહેવાય છે કે એક સિકકાની બે બાજુ હોય છે. **Every coin has two sides.**

MVM SPECTRUM

માનવ પોતાની મહાનતાના આ નશામાં આજે ધર્મ, નાત, જાત, રાજ્ય અને દેશને સીમાડામાં બાંધી ચૂકયો છે. તેમાં જ તે ઘણાં વિનાશી કાર્યો કરી બેસે છે. માટે માનવે આજે સૃષ્ટીમાં ટકવા માટે એકબીજા સાથેના નાતજાતના ભેદ ભૂલીને માનવતાના ધર્મ દ્વારા  એકબીજા સાથે હળીમળીને રહેવાનું છે તથા ખરા અર્થમાં માનવતાનો સાચો ધર્મ સાર્થક કરવાનો છે. આજ વાત પરથી ગુજરાતી જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા રાજેન્દ્રપ્રસાદે માનવતાના ધર્મને સાર્થક કરતા કહયુ છે કે,

**' ન ધરા સુધી, ન ગગન સુધી,**
**આપણે તો જવું હતુ એકબીજાના મન સુધી'**

આજે આપણાથી જ શરૂઆત કરીને હળીમળીને રહીએ તથા પ્રકૃતિ પ્રત્યેના પ્રેમ દ્વારા પ્રકૃતિની કાળજી રાખીને સાચી રીતે માનવી તું મહાન થા એ વાતને સાર્થક કરવાનું છે અને સુરેશ દલાલે કહેલી એક વાત મને અહીં યાદ આવે છે કે, એકવીસમી સદી એ એક વસમી સદી ન બને તેનું ધ્યાન  રાખવાનું છે. આમ, માનવતાના સાચા ધર્મ દ્વારા આપણા પૂર્વજોએ આપણને મહાન બનાવ્યા તે ન ભૂલીએ અને મનુષ્ય મહાન છે તેને કલંક ન લાગે તેનું ધ્યાન  રાખીને સારા કર્મો અને સારા કાર્યો દ્વારા માનવને ખરા અર્થમાં મહાન સાર્થક કરીએ.

---



## Essay  Competition

**વૈષ્ણવ જન તો તેને રે કહીએ.......**

**કુ. પલક બાબરીયા ☻**
**એફ.વાય. બી.એસસી.**
**પ્રથમ ક્રમાંક**

વૈષ્ણવ જન પદ એ નરસિંહ મહેતા દ્વારા લખવામાં આવ્યુ હતુ.તેનો રચના કાળ ઈસવી સનની પંદરમી સદી છે. નરસિંહ મહેતા ભાવનગર જિલ્લાના તળાજા ગામમાં રહેતા હતા. ત્યાં રહીને તેમણે ઘણાં પદો રચ્યા, જેમાંનું "વૈષ્ણવ જન તો" પદ જગવિખ્યાત છે. ગાંધીજીનું પણ આ પ્રિય પદ હતુ. નરસિંહ મહેતા આ પદ દ્વારા સાચા વૈષ્ણવ જન એટલે કે સ્વજન વ્યકિત અથવા વિષ્ણુ ભકત વિશેના ગુણગાન ગાય છે.

**વૈષ્ણવ જન તો તેને રે કહીએ જે, પીડ પરાઇ જાણે રે.**
**પરદુ:ખે ઉપકાર કરે તો એ, મન અભિમાન ન આણે રે.**

એક સાચો વૈષ્ણવ જન એટલે કે સજ્જન વ્યકિત એ જ છે કે જે બીજાના દુ:ખને જોઈને તેને દૂર કરે, બીજા લોકો એટલે કે પારકાઓ પર ઉપકાર કરે છતાં પણ તેના મનમાં અભિમાન રાખતા નથી. સાચા સજ્જન વ્યકિત તો એ જ છે કે જે અભિમાન વગર બીજાની સેવા કરે, બીજાના દુ:ખ કે પીડા દૂર કરે, બીજાની ભાવના સમજે. સજ્જન માણસો અંદરથી કોમળ અને બહારથી કઠોર હોય છે. છતાં પણ તે હમેંશા બીજાની સેવા કરવા તત્પર રહે છે. સજ્જન વ્યકિતઓ એવા હોય છે જે નાના કે મોટા અથવા વૃધ્ધ બધાને આદરભાવથી બોલાવે છે. બધાને નમ્રતાથી વંદન કરે છે. વૈષ્ણવ જન એટલે કે સજ્જન માણસ કયારેય પણ ઉંચ–નીચના ભેદભાવ મનમાં રાખતા નથી. તેના મનમાં ગરીબ કે અમીર પ્રત્યેની લાગણી સમાન જ હોય છે.

MVM SPECTRUM

સજ્જન માણસો કયારેય બીજાનું જોઇને ઈર્ષ્યા કરતા નથી, પરંતુ બીજાના સુખની ઇશ્વરને પ્રાર્થના કરે છે. આવા સજ્જન માણસો બધા પ્રત્યે સમભાવ દર્શાવે છે. તે પારકી સ્ત્રીને પણ પોતાની મા સમાન દરજ્જો આપે છે. આવા સજ્જન માણસને જન્મ દેનારી માતા ધન્ય છે. સજ્જન માણસો કયારેય પણ કોઇની ઉપેક્ષા કે નિંદા કરતા નથી. તેઓને દુનિયાની મોહ માયા કયારેય નડતી નથી. કારણકે તેઓને જગતમાં રહેનારા લોકોની જેમ મોજશોખની મોહ માયા કયારેય લલચાવી શકતી નથી. તેઓને આ મોહ માયા પર વિજય મેળવી લીધો છે.

સજ્જન માણસો સારા સલાહકાર હોય છે.તેઓ બધાના સુખનું જ વિચારે છે. આવી વ્યકિતઓ બીજાના દુઃખમાં દુઃખી બને છે અને બીજાના સુખમાં સુખી થાય છે. એટલે જ તો કહેવાય છે કે "મૈત્રી કરો તો સજ્જન માણસોની કરો, જે કયારેય તમારો સાથ છોડે નહીં, ગમે તેવી વિપરિત પરિસ્થિતિમાં પણ તમારી સાથે જ હશે.

આપણા દેશમાં પણ ઘણાં સજ્જન લોકો થઇ ગયા કે જેને આપણી આઝાદી માટે પોતાની કુરબાની આપી. સરદાર વલ્લભભાઇ પટેલ, ગાંધીજી, જવાહરલાલ નહેરૂ વગેરેએ દેશને ગુલામીમાંથી મુકત કરાવ્યો છે. તેઓ હમેંશા ગરીબ લોકોને સહાય કરતા. આવા સજ્જન વ્યકિતઓને પ્રણામ કરવા જોઇએ.

સજ્જન વ્યકિત કોઇ દિવસ પારકા ધન પર નજર નાખતા નથી. તેઓ પોતે, જાતે કમાઇને ખુશ રહે છે. સજ્જન વ્યકિત કયારેય ખોટું કામ કરતા નથી અને સત્ય બોલવામાં કયારેય અચકાતા પણ નથી. જો કોઇ ખોટું કરે તો તેને સજા પણ આપે છે. સજ્જન વ્યકિત ગુસ્સામાં કે આવેશમાં આવીને કયારેય વચન લેતો કે દેતો નથી. તેઓ હમેંશા ધીરજથી કામ કરે છે. આવા સજ્જન લોકોનો સાથ ભગવાન પણ આપે છે. આવા સજ્જન લોકો હમેંશા રામ નામનું રટણ કરતા હોય છે.તેઓ સાથે મળીને સત્સંગ પણ કરતા હોય છે. હિરણ્યકસ્યપુ રાજાનો પુત્ર ભકત પ્રહલાદ પણ એક સજ્જન માણસ હતો. તે મહાન વિષ્ણુ ભકત હતો. ભકત પ્રહલાદ હમેંશા ગામના લોકોની સાથે મળી સત્સંગ કરતા. આ ભકત પ્રહલાદ હમેંશા ગામના લોકોના દુઃખ  દૂર કરવાના પ્રયત્નો કરતા.

સજ્જન માણસો લોભ, ક્રોધ, મોહ,માયા વગેરે જગતની જંજાળમાંથી મુકત હોય છે. ગૌતમ બુધ્ધ, મહાવીર સ્વામી, ધ્રુવ વગેરેએ દુનિયાની મોહ માયા છોડીને લોકોની સેવા કરવા નીકળી ગયા હતા. આવા સજ્જન લોકો સમાજનું અને દેશનું કલ્યાણ કરે છે. સજ્જન માણસોની સંગતથી દુશ્મન પણ દોસ્ત બની જાય છે. તે તેના દુષ્કર્મો છોડીને ભકિતના માર્ગે ચાલે છે અને પાપોના પ્રાયશ્ચિત કરવા સત્કર્મો કરે છે.

સજ્જન લોકો જે વચન દે છે તે પૂર્ણ કરે છે. તે પોતે દીધેલા વચનમાં કયારેય પાછા પડતા નથી. તેથી જ સજ્જન લોકો માટે કહેવાય છે કે,

**પ્રાણ જાયે પણ વચન ન જાય**

સજ્જન વ્યકિતનો પોતાએ આપેલા વચનો પૂરા કરવામાં પોતાની જીંદગી પણ જોખમમાં મૂકી દયે છે. તે બધાને પોતાના જ માને છે.તે પારકાને પણ પોતાના માનીને તેના દુઃખ દૂર કરે છે.સજ્જન માણસો ઘટાદાર વૃક્ષ જેવા હોય છે જે વૃક્ષની જેમ તડકામાં પણ છાયડો આપે છે.

સજ્જનો માટે એક સુભાષિત બહુ જ પ્રચલિત છે...

**'જલાવી જાતને ધૂપ સુવાસીત બધુ કરે,**
**ઘસીને જાતને સંતો અન્યને સુખિયા કરે.**

આ પંકિત મુજબ સજ્જન લોકો દિવાસળી જેવા હોય છે. દિવાસળી(અગરબત્તી) પોતે સળગીને આખો ઓરડો સુવાસીત કરે છે. જયારે સજ્જન માણસો પોતાની જાતને ઘસીને બીજાના દુઃખ દૂર કરે છે અને

MVMSPECTRUM

પોતાની સુવાસ બધે ફેલાવે છે. સજ્જન માણસો ક્યારેય પોતાનું વિચારતા નથી. તેઓ સ્વાર્થી બનતા નથી. તેઓ હમેંશા બીજાની મદદ માટે તત્પર રહે છે. બીજાના સુખ માટે પોતાની જાતનો પણ વિચાર કરતા નથી.

આથી જ તો સજ્જન વ્યકિતઓની સોબતમાં રહેવુ. તેની સંગતિથી આપણે પણ આપણી જાતને સુધારી શકીશું. આથી જ તો ગુજરાતીમાં કહેવત છે કે,

**સંગ તેવો રંગ**

એટલે કે જેવી સંગત હશે, તેવા ગુણ આપણામાં આવશે. તેથી આપણે સજ્જન લોકોની સંગત કરવી જોઇએ જેથી આપણામાં સારા ગુણોનું આગમન થાય. હમેંશા સજ્જન લોકોની જેમ સત્ય વાણી ઉચ્ચારવી જોઇએ. ખરેખર આવા સજ્જન લોકો એકોતેર કુળને તારે છે. તેની માતા ધન્ય છે કે જેણે આવા માણસને જન્મ આપ્યો.

---



## Essay Competition

**વૈષ્ણવ જન તો તેને રે કહીએ.......**

**કુ. અરવા હીરા ☻**

**ટી.વાય. બી.એસસી.(હોમ સાયન્સ) ફુડ એન્ડ ન્યુટ્રીશન**

**દ્વિતિય ક્રમાંક**

By the place where Mahatma Gandhi studied took me to flashback. Where I have learned about Gandhiji and his religiosity. Though Gandhiji viewed himself as a Hindu but he also maintained that a person could view himself as a Hindu & yet not believe in idol worship. He almost never visited temples and everything in his conduct suggest that he remained indifferent to temple going experience, but no one did as concerted an effort as he did to open the Hindu temples to Dalits. Indeed, it is Gandhiji's attempt to open up hindu temple to Dalits that earned him the wrath of Ambedkar. But the conundrums do not end here. The daily routine of Gandhiji included community singing of bhajans or devotional song in the Ashrams set up by him. He asked vocalist & music instrumentalist Vishnu Digambar Palukar to depute a disciple who would conduct there sessions in Sabarmati Ashram. Thus, Paluskar sent his disciple Narayan Khare to the Ashram. Khare's main responsibility was compiling the Ashram's bhajanawali or prayer book containing bhajan and other devotional songs.

Vaishnav Janto te ne re kahiye was one of Mahatma Gandhi's favourite bhajan. Written by Narsingh Mehta, a saint poet of 15$^{th}$ century Gujarat, this song has a potent message of empathy, humility, equality, truth and religiosity and spirituality to the followers of Vishnu, but which could equally be a message to everyone, particularly in these times of intolerance, hatred and self aggrandisement.

This bhajan has remained favourite among Hindustani vocalist and instrumentalist. Sung or recited in solo recitals or duets this bhajan has often been treated musically as a dhun or a melody which can be elaborated. Anchored in khamaj , a raag which is popular for its thumris and dadras, this bhajan seems to have been treated almost like a thumri.



MVM SPECTRUM

Thus, Gandhiji's unbound affection for this composition is as good a way as any to gauge Gandhiji's religious sensibility. Vaishnavism- which gets its name from god Vishnu is an important part of religious milieu in which Gandhiji grew into adolescence, and in the earlier chapters of his autobiography, he mentions his mother as a saintly woman for whom visit to vaishnava temple was one of her daily routines. Infact Narsingh's bhajan, or devotional song permitted Gandhiji to come in state of being a true vaishnava.
In this composition, Narsingh Mehta says that a vaishnav, is one who knows the pains of others, does good to others without letting pride enter his mind.
A vaishnav, tolerates and procures the entre world, does not think ill of others, keeps his thoughts, promises and action pure.
A vaishnav, sees everything equally, rejects greed and avarice, respects women as he respects his own mother. Even though his tongue tire he will utter no untruth. He never touches the property of others.
A vaishnav, does not succumb to the worldly attachments, he has from renounced lust of all type and anger. The poet, Narsingh Mehta wants to meet such a person by whose virtue, the entire family gets salvation.
This composition was sung when Gandhiji commenced a almost 250 mile walk to the sea in 1930. He was handed his walking stick by one of his close companion Kaka Kalelkar and Narayan Khare sang vaishnav Jan to . This bhajan remained in the mouth of Gandhiji and his companions thought the Dandi March.
This beautiful heart felt song touches everyone regardless of the religion. This composition defines a true vaishnava. It does not mentions any religion, caste, creed, food habits, religious clothing, rituals etc. Infact, more likely it talks about humility.
Thus, no one can become ideal but this does not mean we give up. Take challenges and try to become a better person, try to become a vaishnav.
What is the better time than this that we live in to remember and follow Gandhiji's favourite bhajan where people fight in the name of region, what they should eat and what not, and all such petty things.
In the end I would wish and pray that let all people awaken to the true spirit and meaning of this bhajan and be sensitive to the sufferings & pains of other/s. If this happens the whole world with get salvation.

---



**Essay Competition**

**વૈષ્ણવ જન તો તેને રે કહીએ.......**

**કુ. શ્વેતા મકવાણા ☻**
**એફ.વાય. બી.એસસી.**
**તૃતિય ક્રમાંક**

આદિ કવિ નરસિંહ મહેતા રચિત પ્રસ્તુત પદથી આપણે સૌ કોઇ પરિચિત છીએ.

MVM SPECTRUM

છતાં અમુક વિચારો મધ્યે કંઇક અલગ જ ભાવ વ્યકત થતો જણાય છે. સામાન્ય રીતે 'વૈષ્ણવ' શબ્દ સાંભળતા આપણે તેને કોઇ સંપ્રદાય તરીકે જ વ્યાખ્યાન્વિત કરીએ છીએ. જાણે અમે જૈન છીએ કે અમે સ્વામિનારાયણ છીએ...

અહીં આ અર્થમાં 'વૈષ્ણવ' નો ભાવ પ્રગટ થતો નથી. સામાન્ય રીતે ઉચ્ચ કુળમાં જન્મેલ વ્યકિત જ આ ધર્મ પાળી શકે. પછી તે બ્રાહમણ કે પછી ઉચ્ચ જ્ઞાતિમાં જન્મેલ હોવો જોઇએ. સામાન્ય રીતે વિચારીએ તો તે શિક્ષિત જ હોવો જોઇએ. પરંતુ જો તેનો જવાબ શિક્ષણ સાથે જોડાયેલો હોય તો આજે સમાજમાં ગ્રેજયુએટની કયાં કમી છે ?

આમના માટે તો માત્રને માત્ર વિચારોની બુલંદી જોઇએ. આજે સમાજમાં જોવો તો માત્ર માર્કશીટની હરિફાઇ જોવા મળે છે. કાશ કે ઉચ્ચ વિચારો કે સંકલ્પોની હરિફાઇ હોત.

ખરા અર્થમાં જોઇએ તો વૈષ્ણવ એટલે શું ? વૈષ્ણવ કોણ છે ? તેના શું લક્ષણો હોવા જોઇએ ? આ માટે ભકતકવિ શ્રી નરસિંહ મહેતાએ આશાવારી રાગમાં અતિસુંદર કવિતા–કીર્તન રજુ કર્યુ. જેના શબ્દો છે....

**વૈષ્ણવજન તો તેને રે કહીંએ જે પીડ પરાઇ જાણે રે**
**પરદુ:ખે ઉપકાર કરે તોય, મન અભિમાન ન આણે રે...**

દશ્યમાન માત્ર બે પંકિતઓ પોતાનામાં ગૂઢ ભાવ વ્યકત કરે છે.

સૌ પ્રથમ જે બીજાના દુ:ખ જાણે તે વૈષ્ણવ, જે બીજાના દુ:ખની અનુભૂતિ કરી શકે તે વૈષ્ણવ, જે પોતાનું જીવન અંજલિ થાય તેવું કહે તે વૈષ્ણવ, જે બીજાનું રૂડું કરે પણ અંતરથી નિર્માની હોય તે વૈષ્ણવ.

જે સમાજમાં નાગરિકની ફરજો સારી રીતે નિભાવે તે ખરા અર્થમાં વૈષ્ણવ છે. શ્રીમંત કે અભિમાની ફેંકાય જાય પરંતુ નિર્માની વ્યકિત જ ફેલાય શકે છે. 'હું' કહેવાથી હકુમત ન ચાલે.

આજે આપણે જોઇએ તો વ્યકિત જીવનભર મહેનત કરે, ધનસંચય કરે , પૈસા કમાય, છતાં તે આનંદની અનુભૂતિ નથી કરી શકતો. તે વિચારે છે કે મારી પાસે તમામ સુખસુવિધા નથી. પરંતુ જેની પાસે તમામ સુખસુવિધા હોય તે પણ પોતાને કોઇથી તો પાછળ સમજે છે અને તે વિચારે દુ:ખી થાય છે. આ સ્પર્ધાનો કોઇ અંત નથી. તમે આગળ છો તો કોઇ તમારી પાછળ છે તો કોઇ તમારી આગળ પણ છે. જરૂર છે આપણી પાસે જે છે તેને પર્યાપ્ત સમજીએ અને ભગવાનની મરજીમાં આપણી મરજી ભેળવીએ તો સુખી થવાય.

**અધિકમાં તો ઉપાધિ, કનિષ્કમાં દુ:ખ,**
**મજા તો છે માત્રને માત્ર મધ્યમમાં.**



એનો અર્થ એવો નથી કે આપણે મહેનત ન કરીએ, 'ખુદનો ભરોસો ન હોય તેને ખુદાનો ભરોસો નકામ' એ પંકિત પણ યાદ રાખવી જોઇએ.

મૌનની વાણી બોલીને, કયારેક બે શબ્દ બોલી સ્વભાવથી હીન, જાતિથી હિન, આચારથી મલીન તને બનાવે વસંત તે છે માત્રને માત્ર સત્સંગ.

આજે ર૧મી સદીમાં શિક્ષક વચ્ચે કયાંક હજુ પણ વિચારોની મલિનતામાં ખૂંપેલો માણસ દેખાય. આધુનિક ટેકનોલોજી અને મોર્ડન જમાનામાં હજુ દોરા–ધાંગામાં, નજર લાગવી વગેરે બાબતમાં અજીબનો વિશ્વાસ ધરાવતા હોય છે. સ્વામી બ્રહમાંનંદ કહે છે કે, ' ઘોડું દોડતું રહે તો સારૂં, બળદિયું ચાલતું રહે તો સારૂં અને જીવ સત્સંગ કરતો રહે તો સારૂં.

જેમ પ્રાર્થના એ આત્માનો ખોરાક છે, તેમ જીવનો ખોરાક સત્સંગ છે, સત્કર્મ છે. આપણને હમેંશાં સંતો–મહંતો કહેતા રહે છે કે,

**વેર, વૈભવ, વ્યસન અને વ્યાજ વ્હાલા થઇ કરશે તારાજ...**

આજે માનવી દિન–પ્રતિદિન વ્યસનની માયાજાળમાં ફસાતો દેખાય છે. તેમાં પણ ખાસ કરીને યુવા પેઢી દોરાતી દેખાય છે. જો ધર્મ તેને આ દુષણોથી નહીં બચાવે તો કોણ બચાવશે? આધુનિક સમયમાં આજની યુવા પેઢી પશ્ચિમી સંસ્કૃતિમાં રંગાયને આપણી સંસ્કૃતિને ભૂલી જાશે તો એ કેમ ચાલશે?

સ્વામી વિવેકાનંદ પણ કહે છે કે આપણા પૂર્વજોએ આર્યો છે. જે હમેંશા બધા માંથી સારૂ શીખતા અપનાવતા આવ્યા છે. તેથી જ આપણો દેશ એ વિવિધતામાં એકતા ધરાવતો દેશ છે અને તેથી આજે આપણે તેના પર ગર્વ લઇ શકીએ છીએ.

એક ખૂબ જ પ્રચલિત પ્રસંગ છે, એકવાર એક ખેડૂતના ઘરમાંથી એક ગાય અને તેનું વાછરડું ખોવાય ગયા અને ફરતા ફરતા કસાઇના ઘરમાં પહોંચ્યા. ત્યાં એક બકરૂં પણ હતુ. કસાઇ પેલા બકરાને રોજ વધુ ચણાં ખવડાવે ત્યારે વાછરડું માતાને ફરિયાદ કરે. માતા કહે, બેટા, જે થાય છે તે થવા દે. થોડા દિવસ પછી વાછરડું મા પાસે દોડતું આવ્યુ અને કહે, પેલા બકરાની તો બેરહેમીથી હત્યા કરવામાં આવી, મેં તેની ચીસો અને કીકીયારીઓ સાંભળી, મને ખૂબ જ દુઃખ થાય છે. મા બોલી, બેટા, તે દેખાવે રૂષ્ટપુષ્ટ હતુ માટે પહેલી તેની બલી ચઢી.

આમ, જે સંસારની મોહ–માયામાં ફસાય, વિષય–વાસનાની જાળમાં ફસાય તેના માટે છેલ્લે ચીસ પાડવા સિવાય કોઇ ઉપાય રહેતો નથી. શરીર, ભૌતિક સુખ–સુવિધા મિથ્યા છે અને આ રંગમંચ પર એક કઠપૂતલી છું અને ભગવાન જેમ નચાવે તેમ નાચું છુ તથા યથાબુધ્ધિ કર્મ કરૂ છુ.

માત્ર નામના વૈષ્ણવ અને આચારે કસાઇ એવા આડંબરથી દૂર રહેવું. પછી એવું કહેવાય કે ધર્મ મનુષ્યને આતંકવાદી બનાવે તો એ સાચા અર્થમાં ધર્મ નથી. પછી ભલે તે હિન્દુ, મુસ્લીમ,શીખ, ઇસાઇ કે પારસી હોય. આજના જમાનામાં તો સૌ કોઇ ઝવેરી છે જેને સાચા હીરાની પરખ હોય તો એક સારા ધર્મને અપનાવે તો Make in India નું અદ્ભૂત નિર્માણ થાય.

કોઇ પણ ધર્મ કયારેય વ્યસની થવાનું કે વિષય ભોગી કે છળકપટ શીખવતો નથી. હમેંશા સારી ભાવના રાખીશું જેથી 'વસુદૈવમ્ કુટુમ્બકમ્' ની ભાવના સિધ્ધ થશે.

આપણે એ ન ભૂલવું જોઇએ કે આપણે બાપુ, સરદાર પટેલનો વારસો સાચવવાનો છે. આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ પણ કહેલું કે જે સમાજના તમામ નાગરિકોને પોતાના સહકાર્યકર માને, સારો પાઠ શીખે અને શીખવે, અધિકાર કરતા ફરજ પ્રત્યે વધુ સભાન તે વૈષ્ણવ જન.

આજના સમાજમાં પ્રવર્તમાન દેખાદેખી, ઇર્ષ્યા, સ્વભાવ વગેરે જેવા અવગુણોને ટાળી, તમામ વ્યકિતમાં સર્વોપરી શ્રીહરિની છબી જ બિરાજમાન છે તેથી હું તે અન્ય કોઇ સાથે નહીં પરંતુ નારાયણ સાથે કરૂં છુ, એ વાતનો ખ્યાલ હોવો જોઇએ.

જેથી એ જ અમુલ્ય વારસો, સંસ્કૃતિ, દેશનું માન, સમાજમાં એક વિરલ પુરૂષ તરીકેની ફરજ અદા કરી શકીશું.

## સપ્તધારા કોમ્પીટીશન :

જુલાઇ અને ઓગસ્ટ– ૨૦૧૭ દરમ્યાન કોલેજ લેવલ પર યોજાયેલ સપ્તધારા અંતરગત યોજાયેલ વિવિધ કોમ્પીટીશનમાં કુલ ૫૧ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. જેમાં નીચે મુજબની વિદ્યાર્થિનીઓએ ક્રમાંક મેળવ્યો હતો.

## રંગોલી કોમ્પીટીશન



કુ. પૂજા પરમાર
એફ.વાય. બી.એસસી. (હોમ સાયન્સ)
પ્રથમ ક્રમાંક



કુ. અંજલી સોરઠિયા
એસ.વાય. બી.એસસી.
દ્વિતિય ક્રમાંક



કુ. નિધિ સોનછાત્રા
એફ.વાય. બી.એસસી.
તૃતિય ક્રમાંક

## ડ્રોઈગ કોમ્પીટીશન



કુ. હરસિતા મકવાણા
એફ.વાય. બી.એસસી.
પ્રથમ ક્રમાંક



કુ. અંજલી સોરઠિયા
એસ.વાય. બી.એસસી.
દ્વિતિય ક્રમાંક



કુ. કોમલ કાસુંદ્રા
એફ.વાય. બી.એસસી.
તૃતિય ક્રમાંક

## વેસ્ટમાંથી બેસ્ટ



કુ. સલોની પતિરા
એફ.વાય. બી.એસસી. (હોમ સાયન્સ)
પ્રથમ ક્રમાંક



કુ. તસનીમ રાણાવાલા
એફ.વાય. બી.એસસી. (હોમ સાયન્સ)
દ્વિતિય ક્રમાંક



કુ. ધ્રુવી સોનદાગર
એસ.વાય. બી.એસસી. (હોમ સાયન્સ)
તૃતિય ક્રમાંક

MVM SPECTRUM

## હસ્તકલા હોબી



કુ. ધ્રુવી સોનદાગર
એસ.વાય. બી.એસસી. (હોમ સાયન્સ)
પ્રથમ ક્રમાંક



કુ. સાહિસ્તા સપ્પા
એસ.વાય. બી.એસસી. (હોમ સાયન્સ)
દ્વિતિય ક્રમાંક



કુ. પાયલ ચાવડા
એફ.વાય. બી.એસસી. (હોમ સાયન્સ)
તૃતિય ક્રમાંક

## સોલો સોંગ



કુ. સિધ્ધિ જોષી
એસ.વાય. બી.એસસી.
પ્રથમ ક્રમાંક



કુ. નેહા જેઠવા
એસ.વાય. બી.એસસી.
દ્વિતિય ક્રમાંક



કુ. દર્શના પંડયા
એફ.વાય. બી.એસસી.
તૃતિય ક્રમાંક

## પાદપૂર્તિ



કુ. નેહા પીત્રોડા
એસ.વાય. બી.એસસી. (હોમ સાયન્સ)
પ્રથમ ક્રમાંક

**યુવક મહોત્સવ :**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા તા. ૧ થી ૩ ઓકટોબર ૨૦૧૭ ના આયોજીત ૪૭ મા યુવક મહોત્સવમાં કોલેજ કુલ ૧૨ કૃતિઓમાં કુલ ૩૧ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. જેમાં નીચેની કૃતિઓમાં કોલેજની વિદ્યાર્થિનીઓ વિજેતા જાહેર થયેલ.

MVM SPECTRUM

## રંગોલી કોમ્પીટીશન



કુ. પૂજા પરમાર
એફ.વાય. બી.એસસી. (હોમ સાયન્સ)
તૃતિય ક્રમાંક



## લોકગીત



કુ. નેહા જેઠવા
એસ.વાય. બી.એસસી.
દ્વિતિય ક્રમાંક



## ભજન



કુ. સિધ્ધિ જોષી
એસ.વાય. બી.એસસી.
દ્વિતિય ક્રમાંક



## માઈમ

### દ્વિતિય ક્રમાંક



## સ્પોર્ટ્સ :

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આયોજીત વાર્ષિક ખેલકૂદ સ્પર્ધા ૨૦૧૭–૧૮ શારીરિક શિક્ષણ વિભાગના ઉપક્રમે તા. ૨૨ તથા ૨૩ નવેમ્બર ૨૦૧૭ ના રોજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી એથ્લેટ્રિક્સ ગ્રાઉન્ડ ખાતે યોજવામાં આવેલ હતી. સ્પર્ધામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન આશરે  પચાસ જેટલી કોલેજોએ ભાગ લીધેલ હતો. આ સ્પર્ધામાં આપણી કોલેજની બે વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો અને તેમાં નીચેની વિદ્યાર્થિની વિજેતા થયેલ હતી.

### જેવેલિયન



કુ. ધ્રુવિ ધોરડા
એસ.વાય. બી.એસસી.
તૃતિય ક્રમાંક



### ખેલમહાકુંભ :

ગુજરાત રાજય સરકાર દ્વારા આયોજીત ખેલ મહાકુંભ રમતોત્સવ દર વર્ષે યોજાય છે.જેમાં બહોળી સંખ્યામાં ખેલાડી ભાઈઓ તથા બહેનો જોડાય છે. આપણી કોલેજની પાંચ વિદ્યાર્થિનીઓએ તાલુકા કક્ષાએ તથા જિલ્લા કક્ષાએ ઉત્સાહ પૂર્વક ભાગ લઈને નંબર પ્રાપ્ત કર્યા હતા.

## એથ્લેટિક્સ



કુ. કાજલ ઝાપડિયા
ટી.વાય. બી.એસસી. (હોમ સાયન્સ)
૮૦૦ મી. તથા ૩૦૦૦ મી. (તાલુકા કક્ષા)
પ્રથમ ક્રમાંક
૮૦૦ મી. તથા ૩૦૦૦ મી. (જીલ્લા કક્ષા)
દ્વિતિય ક્રમાંક ( રૂા. ૩૦૦૦/– નો પુરસ્કાર)



કુ. નીરાલી જાદવ
એફ.વાય. બી.એસસી.
૧૦૦ મી. (રાજકોટ ઝોન)
પ્રથમ ક્રમાંક



કુ. નંદિની દવે
એફ.વાય. બી.એસસી.
૨૦૦ મી. (રાજકોટ ઝોન)
તૃતિય ક્રમાંક

## શોર્ટપુટ



કુ. ધ્રૃવિ ધોરડા
એસ.વાય. બી.એસસી.
પ્રથમ ક્રમાંક (રાજકોટ ઝોન)

## બેડમીંટન



કુ. હેમાંગી કુંમર
ટી.વાય. બી.એસસી.
બેડમીંટન (Doubles)
પ્રથમ ક્રમાંક
બેડમીંટન(Single)
તૃતિય ક્રમાંક ( રૂા. ૨૦૦૦/– નો પુરસ્કાર)

## રાજકોટ ફૂલ મેરેથોન




કુ. ધ્રુવિ ધોરડા
એસ.વાય. બી.એસસી.
હાફ મેરેથોન પૂર્ણ કરતા મેડલ પ્રાપ્ત

## જુડો



કુ. ઉર્મિલા સોંદરવા
એસ.વાય. બી.એસસી. (હોમ)
તૃતિય ક્રમાંક

## NATIONAL SERVICE SCHEME (NSS)

નેશનલ સર્વિસ સ્કીમ (એન.એસ.એસ.) અંતર્ગત વિવિધ સ્થળોએ યોજાયેલ કાર્યક્રમો અને સ્પર્ધામાં આપણી કોલેજની વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો અને નીચે મુજબની સ્પર્ધાઓમાં વિજેતા બની હતી.

## ગુજરાત ક્વીઝ કોમ્પીટીશન



કુ. આરઝુ અમીપરા
એસ.વાય.બી.એસ.સી. (હોમ)
વિજેતા

## સ્પોર્ટસ મીટ તથા જિલ્લા સ્તરીય સાંસ્કૃતિક કાર્યક્રમ



કુ. સાહિસ્તા સપા
એસ.વાય.બી.એસ.સી.(હોમ)
મ્યુઝીકલ ચેર
દ્વિતિય ક્રમાંક

## ઘુમર ડાન્સ



કુ. બંસી કયાડા
ટી.વાય. .વાય.બી.એસ.સી. (હોમ)
કુ. ધ્રુવી સોડાંગર
એસ.વાય.બી.એસ.સી. (હોમ)
પ્રથમ ક્રમાંક



## Dietetics Day :

તા.૧૦/૦૧/૨૦૧૮ ના રોજ ડાયટેટીક્સ ડે નિમિત્તે કોલેજ ખાતે યોજાયેલ વિવિધ સ્પર્ધાઓમાં હોમ સાયન્સ વિભાગની વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો અને નીચેની વિદ્યાર્થિનીઓ વિજેતા બની હતી.



## 'My Shot' Competition



કુ. અરવા એન્ડ ગ્રુપ
એફ.વાય.બી.એસ.સી. (હોમ)
પ્રથમ ક્રમાંક



કુ. સુરક્ષા ગોસાઈ એન્ડ ગ્રુપ
એસ.વાય.બી.એસ.સી. (હોમ)
દ્વિતિય ક્રમાંક



કુ. મીરાંઉમેસાલમા
એસ.વાય.બી.એસ.સી. (હોમ)
તૃતિય ક્રમાંક

MVM SPECTRUM



કુ. રીચા જોષી
ટી.વાય. બી.એસસી. (એફ.એન.)
આશ્વાસન ઈનામ



કુ. દેવાંગી ભીમાણી
ટી.વાય. બી.એસસી. (એફ.એન.)
આશ્વાસન ઈનામ

## National Nutrition Week :

- ભેળ કોમ્પીટીશન



કુ. ડોલી રાણપરા
એફ.વાય.બી.એસ.સી. (હોમ)
સ્વીટકોર્ન મસાલા ભેળ
પ્રથમ ક્રમાંક





કુ. પુજા સોમૈયા
એફ.વાય.બી.એસ.સી. (હોમ)
રેગ્યુલર ભેળ
દ્વિતિય ક્રમાંક





કુ. ખાદીજા હાથી
એફ.વાય.બી.એસ.સી. (હોમ)
મુંગ ભેળ
તૃતિય ક્રમાંક



MVM SPECTRUM

## • સલાડ કોમ્પીટીશન



કુ. હેતલ ડોડીયા
એસ.વાય.બી.એસ.સી. (હોમ)
પ્રથમ ક્રમાંક



## • ઝીરો ઓઇલ રેસીપી કોમ્પીટીશન



કુ. કાજલ ઝાપડીયા
ટી.વાય. બી.એસસી. (હોમ)
રવાનો શીરો
પ્રથમ ક્રમાંક





કુ. દેવાંગી ભીમાણી
ટી.વાય. બી.એસસી. (એફ.એન.)
મિક્સ વેજીટેબલ્સ
દ્વિતિય ક્રમાંક





કુ. અઘેરા રશ્મિ
ટી.વાય. બી.એસસી. (એફ.એન.)
દરબારી દાળ
તૃતિય ક્રમાંક

